




પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-25 ■ અંક-15 ■ તા. 4-04-2021 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


### છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ ૮૭ હજાર નવા કેસ, ૭૧૪ના મોત

# વિશ્વમાં કોરોના પોઝિટિવ દૈનિક કેસોમાં ભારત પ્રથમ ક્રમે પહોંચ્યું



## બ્રાઝિલ-અમેરિકાને પાછળ છોડ્યું, એક માસમાં ભારતમાં કોરોનાના કેસ ૭ ગણા વધ્યા, કુલ કેસ ૧,૨૩,૯૨,૨૬૦, કુલ મૃત્યુઆંક ૧,૬૪,૧૬૨

ન્યુ દિલ્હી,તા.૩

દેશમાં કોરોના સંક્રમણથી પરિસ્થિતિ ભયજનક બની રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં, ૮૯,૧૨૯ નવા પોઝિટિવ કેસ સામે આવ્યા છે. એની તુલનામાં ફક્ત ૪૪,૧૭૬ દર્દી સાજા થયા છે, જ્યારે આ મહામારીને કારણે ૭૧૪ લોકો મૃત્યુ પામ્યા છે. એક્ટિવ કેસ એટલે કે સારવાર લઈ રહેલા દર્દીઓની સંખ્યામાં ૪૪,૧૨૩નો વધારો થયો છે. એક જ દિવસમાં સંક્રમિત થયેલા કુલ લોકોની સંખ્યા ગત વર્ષે સપ્ટેમ્બરમાં આવેલા પ્રથમ પીકથી ફક્ત ૯,૦૦૦ દૂર છે. આ પહેલાં ૧૬ સપ્ટેમ્બરે સૌથી વધુ ૯૭,૮૬૦ દર્દી કોરોના પોઝિટિવ મળ્યા હતા, ત્યાર બાદ આ આંકડો ઘટવા લાગ્યો હતો.

ભારતમાં કોરોના વાયરસનો કહેર શાંત થવાનુ નામ નથી લેતો. રોજેરોજ ચિંતા ઉપજાવે તેવા રેકોર્ડબ્રેક આંકડાઓ બહાર આવી રહ્યા છે. જે રીતે કોરોનાએ ફરીથી બિહામણી રીતે ધૂણવાનુ શરૂ કર્યુ છે તે જોતા હવે માઠા દિવસો આવી રહ્યાના એંધાણ મળી રહ્યા છે.

પહેલીવાર દૈનિક કેસના મામલે ભારતે બ્રાઝીલ અને અમેરિકાને પાછળ રાખી દીધા છે અને વિશ્વમાં ભારત દૈનિક કેસના મામલે પ્રથમ ક્રમાંકે પહોંચી ગયુ છે જે ચિંતા ઉપજાવે તેવુ છે. એક માસમાં જ ૭ ગણા કેસ વધી ગયા છે. રોજેરોજ આંકડાઓ આવે છે અને મૃત્યુઆંક નોંધાઈ છે તે બિહામણી સ્થિતિનો ચિતાર આપે છે.

છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં ૮૯૧૨૯ કેસ નોંધાયા છે અને ૭૧૪ લોકોના મોત થયા છે જ્યારે બ્રાઝીલમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૭૩૬૫ અને અમેરિકામાં ૬૫૨૮૧ કેસ નોંધાયા છે. આ રીતે ભારતે દૈનિક કેસના મામલે આ બન્ને રાષ્ટ્રોને પછાડી દીધા છે અને દૈનિક કેસમાં પહેલા નંબરે પહોંચી ગયુ છે.

દેશમાં અત્યારસુધીમાં લગભગ ૧,૨૩,૯૨,૨૬૦ લોકો આ મહામારીની ઝપેટમાં આવી ચૂક્યા છે. લગભગ ૧.૧૫ કરોડ લોકો સાજા થઈ ચૂક્યા છે. તો ૧.૬૪ લાખ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. દેશમાં એક્ટિવ કોરોના કેસની સંખ્યાં વધીને ૬,૫૮,૯૦૯ થઈ ગઈ છે. મહારાષ્ટ્રમાં પ્રતિદિન કોરોના કેસની સંખ્યા ૫૦૦૦૦ ની આસપાસ પહોંચવા આવી છે. જેને લઈને આગામી બે દિવસમાં મહારાષ્ટ્રમાં આકરા પ્રતિબંધો આવી શકે છે. ત્યારે દેશમાં કોરોનાની બીજી લહેરમાં સૌથી ખરાબ રીતે પ્રભાવિત ૬ રાજ્યોની સ્થિતિ પર પણ નજર કરીએ.

પંજાબમાં શુક્રવારે અહીં ૨,૮૭૩ નવા દર્દી મળ્યા હતા. ૨,૦૦૨ સાજા થયા હતા, જ્યારે ૫૭ લોકો મૃત્યુ પામ્યા. રાજ્યમાં અત્યારસુધીમાં ૨.૪૫ લાખ લોકો મહામારીની ઝપેટમાં આવી ચૂક્યા છે, તેમાંથી ૨.૧૩ લાખ સાજા થયા છે, જ્યારે ૬,૯૮૩ લોકોનાં મોત થયાં છે. હાલમાં ૨૫,૪૫૮ લોકો સારવાર લઈ રહ્યા છે.

દિલ્હીમાં શુક્રવારે અહીં ૩,૫૯૪ નવા કેસ આવ્યા હતા. ૨,૦૮૪ દર્દી સાજા થયા અને ૧૪ લોકોનાં મૃત્યુ થયાં હતાં. અત્યારસુધીમાં આ મહામારીથી ૬.૬૮ લાખ લોકો અસરગ્રસ્ત થયા છે, ૬.૪૫ લાખ લોકો સાજા થયા અને ૧૧,૦૫૦ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. હાલમાં ૧૧,૯૯૪ લોકોની સારવાર ચાલી રહી છે.

મધ્યપ્રદેશમાં શુક્રવારે, ૨,૭૭૭ નવા દર્દી મળી આવ્યા. ૧,૪૮૨ લોકો સાજા થયા, જ્યારે ૧૬ લોકો મૃત્યુ પામ્યા. રાજ્યમાં અત્યારસુધીમાં ૩ લાખ લોકો કોરોના સંક્રમણથી અસરગ્રસ્ત થયા છે, એમાંથી ૨.૭૭ લાખ લોકો સાજા થયા છે, જ્યારે ૪,૦૧૪ લોકોનાં મૃત્યુ થયાં છે હાલમાં ૧૯,૩૩૬ લોકો સારવાર લઈ રહ્યા છે.

### મોતનો આંકડો ચિંતાજનક, વધુ ૨૦૨ના મોત નિપજ્યા

# મહારાષ્ટ્રમાં કોરોના બુલેટ ગતિએઃ ૨૪ કલાકમાં ૪૭ હજારથી વધુ કેસ નોંધાયા

મુંબઈ,તા.૩

દેશભરમાં કોરોના કેસ સતત વધી રહ્યા છે. જોકે મહારાષ્ટ્ર તો દેશમાં કોરોના વાયરસનું ગઢ બની રહ્યું છે. શુક્રવારે મહારાષ્ટ્રમાં કુલ ૪૭,૮૨૭ નવા કોરોના કેસ નોંધાયા છે, જ્યારે આ વાયરસને કારણે ૨૦૨ લોકોનાં મોત પણ થયા છે. આ સાથે રાજ્યમાં હવે કોરોના ચેપગ્રસ્ત દર્દીઓની કુલ સંખ્યા ૨૯,૦૪,૦૭૬ પર પહોંચી ગઈ છે. એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કોરોના કુલ ૩,૮૯,૮૩૨ કેસ છે.

આ દરમિયાન, મહારાષ્ટ્રના અન્ય શહેરો પણ કોરોનાના ગઢ બની રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં, મુંબઈમાં કુલ ૮,૮૩૨ નવા કોવિડ કેસ નોંધાયા છે, તેમજ આ વાયરસથી ૫૩૫૨ લોકો સાજા થઇ ચુક્યા છે. તો, આ વાયરસને કારણે ૨૦લોકોનાં મોત પણ થઇ ગયા છે. આ સાથે, જ શહેરમાં કોરોના સંક્રમણનો કુલ આંક ૪,૩૨,૧૯૨ પર પહોંચી ગયો છે. ત્યાં જ, મુંબઈમાં એક્ટિવ કેસોની સંખ્યા હવે ૫૮,૪૫૫ પર પહોંચી ગઈ છે.

આ ઉપરાંત રાજ્યના અન્ય એક નાગપુર શહેરમાં પણ છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૪૧૦૮ નવા કેસ નોંધાયા છે, જ્યારે ૩,૨૧૪ લોકો વાયરસથી સાજા થયા છે.

તો, વાયરસને કારણે ૬૦ લોકોના મોત પણ થયા છે. આ સાથે, શહેરમાં કોરોના દર્દીઓનો આંકડો ૨,૩૩,૭૭૬ પર પહોંચી ગયો છે. આ ઉપરાંત, નાગપુરમાં કોરોનાના કુલ ૪૦,૮૦૭ એક્ટિવ કેસ છે. તેમજ, વાયરસથી મૃત્યુઆંક પણ ૫,૨૮૧ પર પહોંચી ગયો છે.

# અમેરિકાના સંસદભવન બહાર કાર સવારે સુરક્ષા બેરિકેડને ઉડાવતા એક પોલીસકર્મીનું મોત

વોશિંગ્ટન,તા.૩

અમેરિકી સંસદ ભવન (કેપિટલ હિલ)ની બહાર જે બે પોલીસકર્મીઓને ટક્કર મારી હતી, તેમાંથી એકનું મોત થઇ ગયું છે. જ્યારે બીજાની સ્થિતિ સ્થિર છે. તો બીજી તરફ ઘટનાને અંજામ આપનાર સંદિગ્ધ કાર ચાલકે પણ દમ તોડી દીધો છે. પોલીસની કાર્યવાહીમાં તેને પણ ગોળી વાગી હતી. સંસદ ભવનની બહાર સુરક્ષા બેરિકેડિંગને ઉડાવતાં કાર સવારે બે પોલીસ ઓફિસરોને કચડી દીધા હતા. ત્યારબાદ સુરક્ષાની દ્રષ્ટિએ કેપિટલ પરિસરમાં લોકડાઉન લગાવી દીધું છે. સ્ટાફના સભ્યોને પણ અંદર અથવા બહાર જવાની પરવાનગી નથી.

કેપિટલ પોલીસના કાર્યકારી પ્રમુખ વાઇ પિટમેનએ કહ્યું કે ઘાયલ અધિકારીઓમાંથી એકની હાલત ગંભીર હતી, જેમણે પછી હોસ્પિટલમાં દમ તોડી દીધો છે. તેમણે જણાવ્યું કે આ ઘટનામાં કાર ચાલકનું પણ હોસ્પિટલમાં મોત થયું છે. પિટમૈનએ મૃત્યું પામેલા અધિકારી અને કાર ચાલકની ઓળખ ઉજાગર કરી નથી. આ દરમિયાન અધિકારીઓએ આ ઘટનાને આતંકવાદી હુમલો ગણવાની મનાઇ કરી છે. સાથે જ તેમનું એ પણ કહેવું છે કે શુક્રવારની ઘટના અને ૬ જાન્યુઆરીના રોજ થયેલા રમખાણો વચ્ચે હાલ કોઇ સંબંધ જોવા મળી રહ્યો નથી.

કાર ટક્કર તથા ગોળીબારીની આ ઘટના કેપિટલ હિલ પાસે એક તલાશી ચોકરી પર થઇ. આ ઘટનાને ગત ૬ જાન્યુઆરીના રોજ કેપિટલ હિલમાં ડોનાલ્ડ ટ્રમ્પ સમર્થકો દ્રારા મચાવવામાં આવેલા ઉત્પાતની યાદોને તાજા કરી દીધી છે. આ હુમલો તે સમયે થયો હતો જ્યારે રાષ્ટ્રપતિ પદ પર જો બાઇડેનની જીતના સંબંધમાં અમેરિકી સંસદ સભ્ય મતદાન કરી રહ્યા હતા. આ દરમિયાન કેપિટલ પોલીસ અધિકારી બ્રાયન સિકનિક સહિત પાંચ લોકોના મોત થયા હતા.

### બાંગ્લાદેશમાં એક જ દિવસમાં ૭૦૦૦ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા

# બાંગ્લાદેશમાં કોરોનાએ રફતાર પકડતા સાત દિવસનું લોકડાઉન લાગુ કરાયું

ઢાકા,તા.૩

કોરોનાનો કહેર દુનિયાભરમાં ચાલી રહ્યો છે અને ભારતના પાડોશી દેશ બાંગ્લાદેશમાં કોરોનાના કારણે ભયાનક સ્થિતિ સર્જાઈ છે.ભારતની જેમ બાંગ્લાદેશમાં પણ કોરોનાએ પકડેલી રફતારના પકડે મોટી સંખ્યામાં લોકો સંક્રમિત થઈ રહ્યા છે.બાંગ્લાદેશમાં એક જ દિવસમાં ૭૦૦૦ જેટલા કોરોનાના દર્દીઓ સામે આવ્યા હતા. બાંગ્લાદેશમાં કોરોનાથી હજારો લોકો જીવ ગુમાવી ચુક્યા છે અને આઉટ ઓફ કંટ્રોલ થઈ રહેલા કોરોનાને રોકવા માટે બાંગ્લાદેશ સરકારે દેશમાં સાત દિવસનુ લોકડાઉન લગાવવાનુ નક્કી કર્યુ છે.પાંચ એપ્રિલ એટલે કે રવિવારથી આ લોકડાઉન લાગુ કરાશે.દેશમાં કોરોનાના કેસમાં થઈ રહેલા વધારા બાદ પીએમ શેખ હસીનાએ સંસદમાં નિવેદન આપીને લોકોને સાવધાની રાખવાની અપીલ કરી હતી.તેમણે કહ્યુ હતુ કે, સરકાર વાયરસ પર કાબૂ મેળવવાની કોશિશ કરી રહી છે પણ તેમાં લોકોની મદદની પણ એટલી જ જરુર છે.

બાંગ્લાદેશ સરકારે જાહેર કર્યુ છે કે, સરકારી કચેરીઓમાં ૫૦ ટકા કર્મચારીઓ કામ કરશે.જયારે તમામ પ્રકારના જાહેર કાર્યક્રમો પર પણ રોક લગાવી દેવાઈ છે.

# કોવિંદની હાલતમાં સુધારોઃ એઈમ્સના વિશેષ રૂમમાં શિફ્ટ કરાયા

ન્યુ દિલ્હી,તા.૩

દેશના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને તેમની બાયપાસ સર્જરી બાદ શનિવારે સવારે એઈમ્સ આઈસીયુમાંથી એક વિશેષ રૂમમાં શિફ્ટ કરવામાં આવ્યા હતા. તેમનું સ્વાસ્થ્ય સતત સુધરતું રહે છે. ડોકટરો તેની હાલત પર સતત નજર રાખી રહ્યા છે. રાષ્ટ્રપતિ ભવન દ્વારા જારી કરાયેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે હાલના સમય માટે કોવિંદને આરામ કરવાની સલાહ આપવામાં આવી છે.આપને જણાવી દઈએ કે, રાષ્ટ્રપતિની ૩૦ માર્ચે દિલ્હીના એઈમ્સમાં બાયપાસ સર્જરી સફળતાપૂર્વક કરાવી હતી. તેણે ૨૬ માર્ચે છાતીમાં દુખાવાની ફરિયાદ કરી હતી, ત્યારબાદ તેમને દિલ્હીની આર્મી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેનું રૂટિન ચેકઅપ કરાયું હતું. આ પછી, ડોકટરોએ તેમને વધુ સારવાર માટે એઈમ્સમાં રિફર કર્યા, ત્યારબાદ ૨૭ માર્ચના બપોરે તેમને એઈમ્સ શિફ્ટ કરવામાં આવ્યા હતા.

રાષ્ટ્રપતિની સફળ બાયપાસ સર્જરી બાદ મંગળવારે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે એક ટ્વીટ કર્યું હતું. આમાં તેમણે રાષ્ટ્રપતિની સફળ બાયપાસ સર્જરી બદલ ડોકટરોની ટીમને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે લખ્યું, 'સફળ ઓપરેશન માટે હું ડોકટરોની ટીમને અભિનંદન આપું છું. રાષ્ટ્રપતિએ એવિસના ડાયરેક્ટર સાથે કોવિંદની તબિયત વિશે પૂછપરછ કરવા વાત કરી. તેમની તંદુરસ્તી અને ઝડપથી સ્વસ્થતા માટે પ્રાર્થના.

### કેનેડાના ઓન્ટારિયોમાં લાગ્યું એક મહિનાનું લોકડાઉન

# દુનિયાના અનેક દેશોમાં કોરોના કંટ્રોલ બહાર, આકરા પ્રતિબંધો અને લોકડાઉન

ઓન્ટારિયો,તા.૩

દુનિયાના અનેક દેશોમાં કોરોના મહામારી કંટ્રોલ બહાર જવાના કારણે કેસોની સંખ્યામાં જોરદાર ઉછાળો આવ્યો છે. કેનેડાના ઓન્ટારિયોમાં ખુબ જ ઝડપી ફેલાઇ રહેલાં કોરોના વાઈરસના સંક્રમણને નિયંત્રણમાં લેવા માટે એક મહિના માટે લોકડાઉન લગાવી દેવામાં આવ્યું છે.

બીજી તરફ બ્રાઝિલમાં કોરોનાના એક જ દિવસમાં ૯૪,૦૦૦ કેસો નોંધાયા છે અને ૩૭૬૯ લોકોના મોત થયા છે. પાકિસ્તાન, ફ્રાન્સ અને તુર્કીમાં મોટા પ્રમાણમાં કોરોનાના કેસો સામે આવી રહ્યાં છે.

કેનેડાના ઓન્ટારિયોમાં કોરોનાના દર્દીઓની સંખ્યા વધવાને કારણે લોકડાઉન જાહેર કરીને હોટલ-રેસ્ટોરાંને બંધ કરી દેવામાં આવ્યા છે. માત્ર જરૂરી ચીજવસ્તુઓની દુકાનો પર ૫૦ ટકા લોકોને ખરીદી કરવાની છૂટ આપવામાં આવી છે.

કેનેડાના ઓન્ટારિયોમાં રોજના સરેરાશ ચાર હજાર નોંધાવા માંડયા છે.

બીજી તરફ યુકેએ જ્યાં પ્રવાસ કરવાની બંધી છે તેવા દેશોના રેડ લિસ્ટમાં ફિલિપાઇન્સ, કેન્યા, પાકિસ્તાન અને બંગલાદેશનો ઉમેરો કર્યો છે. આ દેશોમાં જવા-આવવા પરનો પ્રતિબંધ નવ એપ્રિલથી અમલમાં આવશે.

૪૦ દેશોના રેડ લિસ્ટમાંથી આવતાં પ્રવાસીઓને ઈંગ્લેન્ડમાં પ્રવેશ આપવામાં આવશે નહીં. માત્ર બ્રિટિશ અને આઈરિશ નાગરિકોને જ દેશમાં પ્રવેશવા દેવામાં આવશે અને તેમણે સરકારી માન્યતા પ્રાપ્ત ક્વોરન્ટાઇન સુવિધામાં ૧૦ દિવસ ગાળવા પડશે.

બીજી તરફ બ્રાઝિલમાં એક જ દિવસમાં કોરોનાના ૯૧,૦૦૦ કરતાં વધારે કેસો નોંધાયા છે અને ૩૭૬૯ જણાના મોત થયા છે. માત્ર માર્ચ મહિનામાં જ કોરોનાએ બ્રાઝિલમાં ૬૬,૦૦૦ કરતાં વધારે લોકોનો ભોગ લીધો છે. ફ્રાન્સમાં પણ એક જ દિવસમાં ૫૦,૦૦૦ કરતાં વધારે કેસ નોંધાયા હતા અને ૩૦૮ જણાના મોત થયા હતા. તો તુર્કીમાં પણ એક જ દિવસમાં ૪૦,૦૦૦ કરતાં વધારે કોરોનાના કેસ નોંધાયા હતા.

પાકિસ્તાનમાં પણ એક જ દિવસમાં કોરોનાના પાંચ હજાર કેસ નોંધાયા હતા. બીજી તરફ પાકિસ્તાનમાં રસી કૌભાંડોની પણ શરૂઆત થઇ ગઇ છે. ૧૪૦૦ બિન અધિકૃત લોકોને રસી આપવાનું કૌભાંડ ત્રણ હોસ્પિટલમાંથી પકડાયું છે. દરમ્યાન રશિયાએ પ્રાણીઓ માટે દુનિયાની સૌ પ્રથમ કોરોના રસી વિકસાવી લીધી છે.

### અમેરિકી વિશેષજ્ઞ સાથેની વાતચીતમાં રાહુલ ગાંધીએ કહ્યુ

# ભારતમાં જે કંઈ થઈ રહ્યુ છે તેના પર અમેરિકા ચૂપ કેમ છે?

## ભાજપ આર્થિક રીતે મજબૂત થઈ છે અને મીડિયા પર તેમનું પ્રભુત્વ વધ્યું છે, જેના કારણે વિરોધી પાર્ટીઓ ચૂંટણી જીતી શકતી નથી

ન્યુ દિલ્હી,તા.૩

કોગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ હાવર્ડ કેનેડી સ્કૂલના એમ્બેસેડર નિકોલસ બર્ન્સ સાથેની વાતચીતમાં ભાજપ પર ગંભીર આરોપ લગાવ્યા હતાં. સાથે જ રાહુલ ગાંધીએ અમેરિકા પર પણ સવાલ ખડા કર્યા હતાં. તેમણે બર્ન્સ સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, ભાજપે દેશની મહત્વની બંધારણીય સંસ્થાઓને પોતાના કજબામાં લઈ લઈ રાખી છે.

રાહુલ ગાંધીએ વિરોધી પાર્ટીઓના ચૂંટણી હારને લઈને કહ્યું હતું કે, ભાજપ આર્થિક રીતે મજબૂત થઈ છે અને મીડિયા પર તેમનું પ્રભુત્વ વધ્યુ છે જેના કારણે વિરોધી પાર્ટીઓ ચૂંટણી જીતી શકતી નથી. કોંગ્રેસ જ નહીં બીએસપી, એસપી, અનસીપી, જેવી પાર્ટીઓ પણ ચૂંટણી નથી જીતી શકતી.

રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, ચૂંટણી લડવા માટે સંસ્થાગત માળખાની જરુર પડે છે. આ સંસ્થાઓ એક નિષ્પક્ષ લોકતંત્ર માટે જરુરી છે. પરંતુ ભારતમાં આ તમામ પર ભાજપ સંપૂર્ણ રીતે હાવી થઈ ગયું છે. જેના કારણે વિરોધ પક્ષ ચૂંટણીઓ જીત શકતી નથી.



કોંગ્રેસના નેતાએ વધુમાં કહ્યું હતું કે, ચૂંટણી લડવા માટે અમારે માળખાગત સંસ્થાની જરુર હોય છે. અમને ન્યાય વ્યવસ્થાની જરુર હોય જે અમારી રક્ષા કરે. મીડિયાની જરુર હોય જે સ્વતંત્ર હોય. આર્થિત સમાનતાની જરુર હોય. અમારી પાસે આ બધું નથી. જેનાથી અમે રાજનીતિક પાર્ટી સંચાલિત કરી શકીએ.

રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, આ તમામ બાબતો વચ્ચે અમેરિકાની સરકાર તરફથી કોઈ જ ટિપ્પણી નથી આવી. જો ભારત અને અમેરિકાની વચ્ચે લોકતાંત્રિક ભાગીદારી છે તો પછી અમેરિકા ભારતમાં બની રહેલી ઘટનાઓ પર કેમ કંઈ નથી બોલતુ? મારો મતલબ છે કે ભારતમાં જે કંઈ પણ થઈ રહ્યુ છે તેના પર તમે(બર્ન્સ)નો શું મત છે? હું મૂળ રુપે માનુ છું કે અમેરિકા ઉંડાણપુર્વ વિચાર કરે. અમેરિકન સંવિધાનમાં સ્વતંત્રતાનો વિચાર જે રીતે નિહિત છે તે ખુબ જ શક્તિશાળી વિચાર છે પરંતુ તમારે આ વિચારની રક્ષા કરવી પડશે. આ મુખ્ય સમસ્યા છે.

# હું વડાપ્રધાન બનું તો વિકાસથી વધારે રોજગાર પર ધ્યાન આપુઃ રાહુલ ગાંધી

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ જણાવ્યુ કે જો તે દેશના પ્રધાનમંત્રી હોત તો શું કરતા. રાહુલ ગાંધીએ કહ્યુ છે કે જો તે ભારતના પ્રધાનમંત્રી હોત તો ગ્રોથ(વિકાસ)ના બદલે નોકરીઓ પર ફોકસ કરતા. રાહુલ ગાંધીએ કહ્યુ કે આજે ભારતને વધુમાં વધુ રોજગારનુ સર્જન કરવાની જરૂર છે.

# તંત્રી લેખ

## બંગાળમાં ૨ મેએ ડાયરેક્ટ બેનિફિટ આપનારી સરકાર બનશે: મોદી

પશ્ચિમ બંગાળમાં બે તબક્કાની ચૂંટણી થઈ ચૂકી છે. છ એપ્રિલના રોજ ત્રીજા તબક્કામાં વોટિંગ થવાનું છે. શનિવારના રોજ હુગલીના તારકેશ્વરમાં ચૂંટણી પ્રચાર કરવા પહોંચેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક વખત ફરીથી મુખ્યમંત્રી મમતા બેનર્જીને આડે હાથ લીધા. મતદાન દરમ્યાન સતત ચૂંટણી પંચની કાર્યશૈલી પર મમતાના પ્રશ્ન ઉઠાવા પર મોદીએ તેના પર પલટવાર કર્યો.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે રમતના સમયે જો કોઈ ખેલાડી એમ્પાયર પર વારંવાર પ્રશ્ન ઉઠાવે છે તો અમને ખબર છે કે તેમની રમતમાં કંઈક મુશ્કેલી છે. આ જ રીતે રાજનીતિમાં જો કોઈ ઈવીએમને ગાળો આપે કે ચૂંટણી પંચને વારંવાર પ્રશ્ન કરે તો આપણે સમજી જવું જોઈએ કે તેમનો ખેલ ખત્મ થઈ ચૂકયો છે.


જનસભામાં ભીડને સંબોધતા મોદી એ કહ્યું કે ૨ મેના રોજ શું પરિણામ આવવાનું છે તેની ઝલક આપણે બે દિવસ પહેલાં નંદીગ્રામમાં જોઈ ચૂકયા છીએ. દરેક તબક્કાની ચૂંટણી સાથે દીદીનો ગુસ્સો વધતો જશે, મારા પર ગાળોનો વરસાદ વધી જશે. દીદીના ગુસ્સાનું સૌથી મોટું કારણ તેમનું ૧૦ વર્ષનું રિપોર્ટ કાર્ડ. દીદી તમે કામ કર્યુ છે તો લોકોને બતાવો. જૂના ઉદ્યોગો બંધ અને નવા ઉદ્યોગો માટે રસ્તા બંધ. રોકાણ, વેપારની સંભાવનાઓ બંધ.

પ્રધાનમંત્રીએ કહ્યું કે ૨ મેના રોજ અહીં માત્ર ડબલ એન્જિનની સરાકર જ બનશે નહીં પરંતુ સીધો ફાયદો આપનારી સરકાર પણ બનશે. બંગાળમાં ભાજપની સરકાર આવ્યા બાદ સૌથી પહેલાં ખેડૂતોના હિતમાં નિર્ણય લેવો પડશે. પહેલી કેબિનેટ બેઠકમાં વડાપ્રધાન કિસાન સમ્માન નિધિને લાગૂ કરવાનો નિર્ણય લેવાશે.

મમતા સરકાર પર પ્રહારો કરતાં મોદીએ કહ્યું કે તૃણમૂલ સરકાર તો પોતાનામાં જ પશ્ચિમ બંગાળ માટે આપત્તિ સિદ્ધ થયા. માનવતા કહે છે કે જ્યારે કોઈના પર પણ મુસીબત આવે તો મદદનો હાથ આગળ વધારવો જોઈએ. પરંતુ તૃણમૂલ ના લોકોએ તો મુસીબતને જ કમાણીનું સાધન બનાવી દીધું. મમતાના આરોપો પર વળતો જવાબ આપતા મોદીએ કહ્યું કે દીદીએ કહ્યું છે કે ભાજપની રેલીમાં જે ભીડ હોય છે તે પૈસા માટે ભેગી થાય છે. શું બંગાળનો નાગરિક કયારેય વેચાય શકે છે? અરે આ તો સ્વાભિમાની લોકો છે, આખી અંગ્રેજ સલ્તનત કશું કરી શકી નથી તો બંગાળના લોકોનું. દીદી, બંગાળના લોકોનું અપમાન ના કરો. આ એ જ લોકો છે જેમણે તમને ૧૦ વર્ષ પહેલાં તમને સર-આંખો પર બેસાડ્યા હતા. આજે તમે તેમનું અપમાન કરી રહ્યા છો.

# સદાબહાર સુર - ૧૪

## અવિનાશ વ્યાસ




હમણાં જ ગઈ હોળી અને આપણે દેવરીયાના સંગ હોળી ખેલંત ભાભીના મસ્તીભર્યા સંબંધોને સ્મર્યા. આ દિયર-ભાભીનો સંબંધ જ એવો મીઠો છે. નવપરણીતા સાસરીમાં જો કોઈની ય સાથે એકદમ સરળતાથી સ્નેહે ગંઠાઈ જાય ને તો એમાં સૌથી પહેલો તો દેવરીયો જ આવે. ભર્યા ભર્યા સાસરામાં દેવરીયા સાથેના હેતાળ સ્નેહનું કારણ વિચારતા, જરા ફરી એકવાર સમજવા પ્રયાસ કરતાં આ નિર્દોષ સંબંધમાં મને તો મૂળે એનો તાંતણો પિયરની વાટ સુધી લંબાયેલો દેખાયો.સમગ્ર સંસારમાં કોઈપણ નાનકડી બાળકીને સૌથી વહાલો એનો ભઈલો તો હોવાનો જ કે ભાઈને પણ એની બહેન તો લાડકી જ હોવાની અને એ એમનું વ્હાલ તો હંમેશ માટે એવું જ અકબંધ રહેવાનું. સંસારમાં ભાઈ-ભાઈને ક્યારેક લડતા-ઝગડતા કે કોઈપણ કારણસર છૂટા પડતા જોયા હશે પણ ભાઈ-બહેનના પ્રેમમાં સહેજ અમસ્તી તિરાડ પણ ભાગ્યેજ શોધી મળશે.પરણીને સાસરે ગયેલી કન્યા એટલે જ દેવરમાં પોતાના ભાઈનું સ્વરૂપ શોધતી કે જોતી હશે અને એટલે જ એ બહુ જ સ્વભાવિકતાથી આ નવા સંબંધ સાથે જોડાઈ જતી હશે.

ભાઈ માટેનું મમત્વ તો એટલી હદે એના હૃદયના કણે કણમાં સ્થાયી હોય છે કે જ્યારે એ મા બને ને ત્યારે પણ એક મા તરીકે એ એના દિકરામાં એના ભાઈની જ છબી શોધે અને જો સહેજ અમસ્તો અણસાર પણ મળતો આવશે ને તો તો એ રાજીના રેડપ અને આ હકિકત તો નજરે જોયેલી એકવાર નહીં અનેકવાર અનુભવેલી છે.ભાઈ બહેનના સંબંધને ઘણા બધા કવિ, ગીતકારોએ શબ્દોથી ઉજાળ્યો છે. ભાઈ-બહેનના લાડને કવિઓએ, ગીતકારોએ પણ લાડેકોડે સજાવ્યા છે.અવિનાશ વ્યાસે તો સવારના પ્રભાતિયાથી માંડીને બાળકને સુવાડવાના હારલડા સુધીના ગીતોની રચના કરી છે તો એમની રચનામાં ભાઈ-બહેનના હેત તો હોવાના જપઆજે એમનું એવું જ કોઈપણ ભાઈ-બહેનને ગમી જાય એવું અને હંમેશ ગમતું રહેવાનું છે એવું ગીત યાદ આવ્યું. જો કે એમાં યાદ કરવાની પણ કોઈવાત નથી કારણકે એ તો સદાય સ્મરણમાં ગુંજતું ગીતપ.બરાબર ને?

કોણ હલાવે લીંબડી ને કોણ
ઝૂલાવે પીપળી,
ભાઈની બેની લાડકીને
ભઈલો ઝુલાવે ડાળખીપ.

હવે તો જો કે ક્યાં આ લીંબડી ને ક્યાં પીપળી રહી છે કે એની પર બેસાડીને ભઈલો એની બહેનીને ઝુલાવશે? તેમ છતાં આજે પણ આ ગીત સાંભળીએ તો એ જ લીંબડી કે પીપળી નજર સામે તો તરી જ આવે પપઅને એની પર ઝુલતી બેનને હળવેથી ઝૂલાવતો ભઈલો ય નજર સામે તરી આવે.

કારણ માત્ર એટલું જ કે અહીં માત્ર ભાઈ કે બહેન જ નથી પણ અવિનાશ વ્યાસના શબ્દોથી જાણે આખું વાતાવરણ આપણી આસપાસ છે એવી લાગણી થઈ આવે છે. આ એ સમયની રચના છે જ્યારે આપણી આસપાસ સાચે જ કુદરતનું એક સામ્રાજ્ય હતું. મને આજે પણ યાદ છે ઉનાળાની બપોરે પણ અમારા ઘરની બહારના ઘટાટોપ ઝાડની નીચે ટાઢકનો અનુભવ થતો. રસ્તે જતાં સરસડા પરથી ખરેલા, વેરાયેલા પીળા રંગના મુલાયમ શિરીષના ફૂલ જોવા મળતાં બાકી આજે આ સિમેન્ટ કોંક્રીટના નગરની બહાર જઈએ ત્યારે માંડ પવનની હળવી થપાટે ઝુલતા ઝાડ નજરે પડે.

જો કે અહીં ભાઈ-બહેનના વ્હાલની સાથે પ્રકૃતિ -પંખીઓ સાથેનો તંતુ જોડ્યો છે ત્યારે મને એવું તો સમજાય જ છે કે એ સમયનો માનવી માત્ર સૌને સ્વીકારવાની ઉદાર વૃત્તિ ધરાવતો હતો. આપણા આનંદમાં સૌને ભાગીદાર બનવા વ્હાલથી નિમંત્રતો. સુખને એ વહેંચીને આનંદતો હશે.

મારી બેની તો હીંચકે હીંચે છે પણ સાથે ઓ પંખીડા ઓરા આવો અને એ ઝૂલતી ડાળીઓ પર બેસી તમે પણ ઝૂલો. એ ઝૂલો ઉંચકાય અને પવનનો મીઠો વિંઝણો પણ વાય, વળી એની સાથે કોયલનો ટહુકો અને મોરલાનો કેકારવ પણ ભળે ને એ બેની તો જાણે આભને આંબે. ભાઈ અને બહેનના સંબંધની જેમ જ પંખી અને વૃક્ષનો સંબંધ જાણે સાવ સનાતની. એ બંને એકમેક વગર સાવ અધૂરા. લીંબડીની ડાળીએ ઝૂલતી એ બહેન ક્યારે ડોળીમાં બેસીને વિદાય લેશે ત્યારે એ વિદાયની ક્ષણો કેવી ય કપરી હશે એની તો એ સમયે ક્યાંથી કલ્પના હોય? એને બસ આજની ક્ષણ માણી લેવી છે, મહાલી લેવી છે. આ સંબંધમાં જેટલી મીઠાશ અને કુમાશ છે ને એટલી તો ભાગ્યેજ કોઈ સંબંધમાં હશે.આસમાન તરફ ગતિ કરતાં ઝૂલા પર બેઠેલી બેનને જોઈને હરખાતા ભાઈના મનમાં બેન હંમેશા સુખને ઝૂલે એવી ઊંડી આશા હશે. એનો સંસાર સ્વર્ગ સમો હશે અને એ સુખી સંસારના ઝૂલે હંમેશા ઝૂલતી રહેશે એવી ભાવના હૃદયમાં ભારોભાર હશે અને પછી આ જ બેની મોટી થઈ સાસરે જતી વેળા આ ઘર, માતા-પિતાને સાચવવાની ભલામણ કરે ને ત્યારે જે હૃદયંગમ દ્રશ્ય સર્જાય છે ને એનાથી ભાગ્યેજ કોઈની આંખ કોરી રહી જતી હશે.


ભાઈ-બહેનના આવા
સનાતની સંબંધને કેટલી
મઝાથી અહીં આલેખ્યો છે !
આજ હીંચોડું બેનડી,
તારા હેત કહ્યાં ના જાય
મીઠડો વાયુ આજ બેની,
તારા હીંચકે બેસી ગાય

આ ગીત આજ સુધી અનેક ગાયકોએ ગાયુ અને દરેકના રણકામાં જાણે આ ભાઈ-બેનીના હેત ભળ્યા પણ ગીતના શબ્દોમાં જે મીઠાશ, ભાઈ બહેનનો સ્નેહ રેલાયો છે એ અવિનાશ વ્યાસના શબ્દોની તાકાત છે.આ ગીતની સાથે સંકળાયેલી ગાયિકા ફોરમ દેસાઈની હમણાં જ વાંચેલી વાત પણ યાદ આવી. આ ગીત વિશે એ વાત કરે છે ત્યારે કહે છે ફિલ્મ 'સોનબઈની ચુંદડી' માટે આશિત દેસાઈ સાથે એને ગાવાનું હતું ત્યારે પ્રથમ તો એક નવી નાનકડી છોકરીને, એક સાવ અજાણ્યા નવા અવાજને તક આપવા અવિનાશ વ્યાસ તૈયાર નહોતા પરંતુ એકવાર અવાજ સાંભળ્યા પછી તો એ મૂળ ગીતે રેકોર્ડ થઈ ગયા પછી ગીતના બીજું અને કરૂણ ગીત પણ ફોરમ પાસે જ ગવડાવ્યું. આગળ વાત કરતાં એ કહે છે કે અત્યંત કરૂણતા અને વેદના દર્શાવતી એ પંક્તિઓમાં અવિનાશ વ્યાસે એને વચ્ચે એકાદ ડૂસકું લેવાનુ કહ્યું હતું પણ ગીતના ભાવમાં વહી ગયેલી ફોરમથી વચ્ચે બે-ત્રણ વાર ડૂસકાં લેવાઈ ગયા. જયારે રેકોર્ડિંગ રૂમમાંથી એ બહાર આવી ત્યારે સૌ મ્યૂઝિશિયનની સાથે અવિનાશભાઈ, ગૌરાંગભાઈ પણ રડતાં હતાં. એના કહેવા પ્રમાણે આ એનું પ્રથમ ગીત ચિરસ્મરણીય બની રહ્યું છે. આવા તો અનેક ચિરસ્મરણીય ગીતોની આપણે આગળ વાત કરીશું.




## અંતરનાં આયનામાં.... (લેખાંક - ૪૬)

### વર્ષા જાની



બાલમંદિર કે શાળામાં ગવાતી પ્રાર્થના બાળકનાં જીવનમાં અમૂલ્ય ઘડતરનું કામ કરે છે. બાળપણમાં મળેલા સંસ્કારો પાયામાં મૂલ્યોનું સિંચન કરનારા હોય છે. બાળકો ભાવ પૂર્વક અને એકાગ્રતાથી પ્રાર્થના બોલતા હોય એ પણ એટલું જ જરુરી બને છે. એ માટે શાળામાં શિક્ષકોએ એટલું જ ધ્યાનપૂર્વક જાગૃત રહેવું જરુરી છે. દરેક વિદ્યાર્થી આંખો બંધ કરીને ધ્યાન પૂર્વક, ભાવપૂર્વક પ્રાર્થના બોલે. ઘણી શાળાઓમાં તો સંગીતમય સુંદર પ્રાર્થના ગવાતી હોય છે. જ્યાં વિદ્યાર્થીઓ પોતે જ હાર્મોનિયમ, તબલા, ઘૂઘરા, ખંજરી વગેરે સંગીતના સાધનો વગાડતા હોય, સાથે શાળાનાં ગુરુજનો પણ સુર, તાલ આપીને બાળકોને પ્રોત્સાહન આપતા હોય છે. પ્રાર્થનાનાં શબ્દોનો ભાવ કેવો છે? પ્રાર્થના દ્વારા કેવું જીવનમૂલ્ય પ્રાપ્ત થાય છે? એ વિદ્યાર્થીને સમજાવવામાં આવે એ પણ એટલું જ જરુરી બની રહે છે. મને મારાં શાળાજીવનનાં સંસ્મરણો તાજા થાય ત્યારે, બધું જ નજર સમક્ષ તરવરી ઊઠે છે. દરેકે દરેક વારની અલગ અલગ પ્રાર્થના ગવાતી. પહેલા પ્રાર્થના ગવડાવવામાં આવે, ત્યાર બાદ ભજન અને પછી ધૂન બોલાવવામાં આવતી. લગભગ અડધી કલાક અમારી શાળામાં પ્રાર્થના ચાલતી. સરકારી કન્યાશાળામાં પ્રિન્સિપાલ, મદદનીશ શિક્ષકો, ક્લાર્ક, અને પટ્ટાવાળા બધાં જ બહેનો હતાં. અમારાં પ્રિન્સિપાલ શ્રી પ્રભાબેન સુંદર મજાના તબલા વગાડતા, શ્રી શારદાબેન દવે હાર્મોનિયમમાં સુર વહાંવતા, અને શ્રી પ્રવીણા બહેન સરસરીતે ખંજરી વગાડીને તાલ આપતાં.અને અમારી વિદ્યાર્થિનીની ટુકડી સુંદર રાગમાં પ્રાર્થના ગાતી.આજે પણ આ બધાં દ્રશ્યો સ્મૃતિપટપર એટલા જ જીવંત લાગે છે! હાલમાં અમારી શાળામાં ગવાતી પ્રાર્થનાનાં શબ્દો ખૂબ સુંદર છે.

દયા કર દાન વિદ્યા કા,
હમે પરમાત્મા દેના
દયા કરના હમારી
આત્મામેં શુદ્ધતા દેના

જયારે આત્મામાં શુદ્ધતા પ્રાપ્ત થાય ને ત્યારે જ ખરી વિદ્યા મેળવી કહેવાય! અને આત્માની શુદ્ધતા એ જીવન જીવવાની જડીબુટ્ટીનું કામ કરે છે. જયાં આત્માની શુદ્ધતા છે, ત્યાં પછીએની સામે કપટ, લુચ્ચાઈ ઝાઝી ઝીક ઝીલી શકતું હોતું નથી.

હમારે ધ્યાનમેં આઓ
પ્રભુ આંખોમે બસ
જાઓ,
અંધેરે દિલમેં આકર કે
પરમ જ્યોતિ જગા
દેના.
બહાદો જ્ઞાનકી ગંગા
દિલોમેં પ્રેમકા સાગર
હમે આપસમે
મિલઝુલકર, પ્રભુ રહેના
શિખા દેના.

અંધારપટથી ઘેરાયેલા દિલમાં ઈશ્વર ત્યારે જ પરમજયોતિ જગાવે જયારે ભગવાન આંખોમાં વસે, અને ધ્યાનમાં વસે, ઈશ્વરનું સાનિધ્ય પામીને પછી જ્ઞાનની ગંગા વહેતી થાય ત્યારે એમાંથી વહેતા ઝરણાં અવશ્ય મૈત્રીભાવના જ હોવાના. અને મૈત્રીભાવના એ પવિત્ર ઝરણાં જો સમગ્ર સમાજમાં વહેવા લાગે તો પછી બધા આપસમાં હળીમળીને જ રહેવાના. આવી સુંદર વિચારધારા એક કુમળા દિમાગમાં પ્રાર્થના રુપે દરરોજ સિંચન કરવામાં આવે તો પછી આવનાર સમય કાંઈક અનોખી, ઉત્તમ વિચારધારા વહાવનારો જરૂર હોઈ શકે!

હમારાં ધર્મ હો સેવા
હમારાં કર્મ હો સેવા
સદા ઈમાન હો
સેવા,સેવક જન બના દેના
વતન કે વાસ્તે જીના,
વતન કે વાસ્તે મરના
વતન પર જાં ફિદા
કરના પ્રભુ હમકો શીખા
દેનાં.

એ વિચારને સુંદર રીતે પંક્તિમાં કવિએ સિંચી લીધો છે. અમારો ધર્મ સેવા તો હોય.. પણ એ સેવા અમારું કર્મ પણ બની રહો. અને એ સેવાભાવમાં પણ ઈમાન હોય, પ્રામાણિકતા હોય, એ પણ એટલું જ જરુરી બની રહે છે. સેવાના નામે ખોટા મેવા મેળવીને, સમાજનો ફાયદા ઉઠાવીને પોતાનાં મોજશોખ પૂરા ન કરુ એવી ઈમાનદારીની યાચના પણ ઈશ્વર પાસે વ્યક્ત કરવામાં આવી છે.

આમ ઉત્તમ ભવાભિવ્યક્તિ પણ જીવનમાં ઊતરે એવી ઉત્તમોત્તમ કામના પણસુપેરે અહીં વ્યક્ત કરાઈ છે. દેશ, સમાજ આ બધાનું આપણાં જીવનમાં કેટલું મહત્વ છે? એ બીજ પણ બાળકનાં કુમળા દિમાગમાં રોપવું જોઈએ. શહીદ ભગતસિંહ કે ચન્દ્રશેખર આઝાદ જેવાં, દેશને માટે સામી છાતીએ લડીને પ્રાણનીઆહુતિ આપનારા અનેક વીર સપૂતોમાં બાળપણથી જ વતનની, દેશની, માતૃભૂમિની દાઝ લોહીમાં વહેતી હતી! અને સમય આવ્યે પોતાનું બલિદાન પણ સમર્પિત કરી દીધું. શાળાઓમાં અપાતું શિક્ષણ માત્ર કામાઉલક્ષી ન બની રહેતા જીવનમૂલ્યો શીખવનારું હોવું ઘટે!

વર્ષા જાની
ભાવનગર
તા. ૪ એપ્રિલ ૨૦૨૧

## વાવ ધારાસભ્ય ગેનીબેન ઠાકોર એ લવ જેહાદ બિલ ને લઈ માતા પિતા ની સંમતિ લાવવા ગૃહમાં કરાઈ રજૂઆત..



રાજ્ય સરકાર દ્વારા વિધાન સભામાં લવ જેહાદ ને લઈને એક ઐતિહાસિક નિર્ણય લઈ લવ જેહાદ ને લઈને વિધેયક પસાર કરવા બદલ આભાર માન્યો હતો સાથે વાવ ના ધારાસભ્ય ગેનીબેન ઠાકોર દ્વારા લવ જેહાદ કાયદાને આવકારી સરકાર દ્વારા વિધેયકમાં માતા પિતા ની સંમતિ મેળવી લગ્ન કરવા માટે નો કાયદો પસાર થાય તો સમાજ વ્યવસ્થામાં સાથે સમાજ સમાજ વચ્ચે ઘર્ષણ ઉભું ના થાય.. ગામની દીકરી પ્રેમ લગ્ન મા ગામના પાંચ લોકોની સાક્ષીઓ ફરજિયાત બનાવવા જોઈ, વિધાનસભામા વાવ ધારાસભ્ય ગેનીબેન ઠાકોર ના નિવેદન થી ભાજપ અને કોંગ્રેસના ધારાસભ્ય વધાવી લીધું હતું. ત્યારે ગેનીબેન આ પ્રકારના નિવેદન થી સમગ્ર દેશના તથા સમાજો ના દિલ જીત્યા હતા.

(રિપોર્ટરઃ- કનુજી ઠાકોર બનાસકાંઠા)

## વ્યાજખોરોનો આતંક: યુવકને પેટ્રોલ છાંટી જીવતો સળગાવ્યો, હાલત ગંભીર

ભાવનગર,તા.૩

ભાવનગર જિલ્લાના પાલિતાણામાં વ્યાજખોરોનો વરવો ચહેરો સામે આવ્યો છે. આર્થિક લેવડદેવડ મામલે પાલિતાણામાં એક યુવકને વ્યાજખોરોએ પેટ્રોલ છાંટી જીવતો સળગાવવાનો પ્રયાસ કરતાં ચકચાર મચી છે.યુવાનને હાલ ગંભીર હાલતમાં સર ટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

સમગ્ર મામલાની વિગત પર નજર કરીએ તો, ભાવનગરના પાલિતાણામા રહેતો અને છૂટક મજૂરીકામ કરી જીવનનિર્વાહ ચલાવતા મહેબૂબ શાહે પાલિતાણામાં જ રહેતા અને ગેરકાયદે ઊંચા વ્યાજે નાણાં ધિરધારનો ધંધો કરતા માથાભારે શકસો પાસેથી ઊંચા વ્યાજે નાણાં લીધાં હતાં, જેમાં હાલ મહામારી તથા મંદીને કારણે ભોગગ્રસ્ત યુવાન મહેબૂબ સમયસર વ્યાજ તથા મૂળ રકમ ચૂકવી ન શકતાં વ્યાજખોરોએ પઠાણી ઉઘરાણી શરૂ કરી હતી.

ગઈકાલે માથાભારે શખસોએ માનવતાની તમામ હદો વટાવી યુવાનને હિસાબ ચૂકતે કરવાના બહાને પાલિતાણામાં ભાવનગર રોડ પર બોલાવ્યો હતો અને ઉગ્ર ઝઘડો કરી માર મારી એક શખસે પેટ્રોલ જેવું જ્વલનશીલ પ્રવાહી મહેબૂબ પર રેડી કાંડી ચાપી દેતાં યુવાન ભડભડ સળગી ઊઠ્યો હતો અને શખસો નાસી છૂટ્યા હતા.આ યુવાનની વહારે રાહદારીઓ દોડી આવ્યા હતા અને આગ ઓલવી પ્રથમ પાલિતાણા માનસિંહજી હોસ્પિટલમાં, ત્યાર બાદ વધુ સારવાર અર્થે ભાવનગર સર ટી હોસ્પિટલના બર્ન્સ વોર્ડમાં ખસેડવામાં આવ્યો હતો. આ યુવાનનું શરીર ૯૦ ટકાથી વધુ દાઝી ગયું હોઈ સારવાર કરતાં તબીબોએ યુવાનની હાલત ગંભીર હોવાનું જણાવ્યું હતું.

## વડોદરામાં કોરોના માટે ચાર અતિથિ ગૃહને કોવિડ કેર સેન્ટરમાં ફેરવવામાં આવશે: નીતિન પટેલ

વડોદરા,તા.૩

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રી નીતિન પટેલે વડોદરામાં ફેલાતાં કોરોના સંક્રમણને લઈને ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી. ત્યારબાદ પત્રકારોને સંબોધતા નીતિન પટેલે કહ્યું કે વડોદરામાં હવે અમદાવાદની જેમ કોરોના રેપિડ ટેસ્ટ માટેના કેમ્પ બનશે અને ચાર અતિથિ ગૃહને કોવિડ કેર સેન્ટરમાં ફેરવવામાં આવશે.

નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું કે છેલ્લા દસેક દિવસથી ગુજરાતમાં અને સમગ્ર દેશમાં તેમજ મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં કોરોના કેસ વધી રહ્યા છે. ગુજરાતમાં પણ બીજા તબક્કાનું કોરોના સંક્રમણને કારણે કેસોની સંખ્યામાં વધારો થયો છે. ગુજરાતમાં દિવાળી પછીનો એક સમય સારો આવ્યો હતો કે રાજ્ય સરકારની અને ખાનગી હોસ્પિટલની પથારી ખાલી થઈ ગઈ હતી. કોરોનાનાં લક્ષણો ધરાવતાં દર્દીઓ ઓછા આવતા હતા. પણ કમનસીબે સમગ્ર દેશમાં એકસાથે પીકની શરૂઆત થઈ તે જ રીતે ગુજરાતમાં પણ છેલ્લા દસેક દિવસથી કોરોના દર્દીઓની સંખ્યા વધતી જાય છે. અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા જેવી ગીચ વસ્તી ધરાવતાં શહેરોમાં કોરોનાનું સંક્રમણ વધારે થાય છે.

નીતિન પટેલે જણાવ્યું કે એક સમયે ગુજરાતમાં ૭૦૦ કેસો આવતા હતા. અને અત્યારે ૨૨૦૦-૨૩૦૦ દર્દીઓ આવે છે. તેવામાં વડોદરા શહેર અને જિલ્લામાં કોરોના કેસોમાં વધારો થઈ રહ્યો છે.

વડોદરાની મીટિંગમાં તમામ મુદ્દે ચર્ચા થઈ હતી. અમે એક-એક વોર્ડ અને એક-એક હોસ્પિટલનો રિવ્યુ કરે છે. અને શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં જે સ્થિતિ છે તેને લઈને જરૂરી નિર્ણયો કર્યા છે. અને આવતીકાલથી નવા નિર્ણયોનો અમલ થઈ જશે.

પ્રથમ નિર્ણય: ધનવંતરી રથ દ્વારા સમગ્ર શહેરોમાં ૨૦૦ જેટલી ટીમો બનાવી આરોગ્યની ચકાસણી કરવાનું કામ ચાલુ છે. વડોદરા શહેરમાં દરેક વિભાનસભા દીઠ અમદાવાદ, સુરતની જેમ બે કેમ્પ યોજવામાં આવશે. અને તેમાં રેપિડ ટેસ્ટ કરવામાં આવશે. શહેરીજનો ધનવંતરી રથની સાથે કેમ્પ પર જઈને ટેસ્ટ કરાવી શકશે.

બીજો નિર્ણયઃ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ચાર અતિથિગૃહમાં ગરીબ અને મધ્યમવર્ગના પરિવારો પૈકીના વ્યક્તિઓને શંકાસ્પદ લક્ષણો જણાય તો તેઓને હોસ્પિટલનાં બદલે કોવિડ કેર સેન્ટર બનાવીને સારવાર તેમજ જમવા સહિતની સુવિધાઓ આપવામાં આવશે. અને ડોક્ટરી તપાસમાં જેમને વધારે લક્ષણો હશે તેમને કોવિડ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવશે. હાલમાં પ્રાથમિક લક્ષણો ધરાવતાં દર્દીઓ પણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે છે. જેને કારણે જરૂરિયાતવાળા દર્દીઓને બેડ મળતા ન હતા.




તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યુ.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001